# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૯૯ તા.૨૪-૧૨-૧૮**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં દર્શાવેલ જગ્યાઓ ભરવા બાબત.**

**સંદર્ભ :- પરિપત્ર ક્રમાંક ૫ અને ૬ /૨૦૧૮-૧૯ તા.૧૫-૧૨-૨૦૧૮ સેન્ટ્રલ ઓફિસ,અ.મ્યુ.કોર્પો.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, આ સાથે સામેલ પરિપત્રનો શબ્દ સહઃ અમલ કરી કર્મચારીઓને માહિતગાર કરશો.

બિડાણ :- સેન્ટ્રલ ઓફિસ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન પરિપત્ર ક્રમાંક ૫ અને ૬/૨૦૧૮-૧૯
તા.૧૫-૧૨-૨૦૧૮.

તા.૨૪-૧૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ, ઇન્ટરવ્યુ વિભાગ**

**પરિપત્ર ક્રમાંક : ૫ અને ૬/૨૦૧૮-૧૯ તા:૧૫/૧૨/૨૦૧૮**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતાં કર્મચારીઓ (એ.એમ.ટી.એસ., એમ.જે.લાયબ્રેરી, વી.એસ.હોસ્પિ., સ્કુલ બોર્ડ સહિતના) પાસેથી નીચે દર્શાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી તા.૩૧/૧૨/૨૦૧૮ સાંજે ૦૫:૩૦ કલાક સુધીમાં આસી. મેનેજર(ઇન્ટરવ્યુ), સેન્ટ્રલ ઓફિસને મળે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| પરિપત્ર ક્રમાંક | જગ્યાનું નામ | કલોરીન સુપરવાઈઝર |
|---|---|---|
| ૦૫ | જગ્યાની સંખ્યા | ૦૪ (બિન અનામત – ૦૪) |
| | લાયકાત | ધોરણ – ૧૦ પાસ તથા ક્લોરીન કામગીરીનો અનુભવ. |
| | પગારધોરણ | હાલ ફીક્સ વેતન ₹ ૧૯૯૫૦/- ત્રણ વર્ષ સુધી ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ લેવલ ૨ – પે મેટ્રીક્સ ₹ ૧૯૯૦૦-૬૩૨૦૦ + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| **પરિપત્ર ક્રમાંક** | **જગ્યાનું નામ** | **ઇલેક્ટ્રીશીયન** |
| ૦૬ | જગ્યાની સંખ્યા | ૦૬ (બિન અનામત – ૦૫ તથા અનુ.જનજાતિ – ૦૧) |
| | લાયકાત | પી.ડબલ્યુ.ડી. ઇલે.સુપરવાઇઝર સર્ટીફીકેટ ધારણ કરનાર અથવા આઇ.ટી.આઇ.(ઇલે.ટ્રેડ) પાસ, વીજળીની મોટરો, સ્ટાર્ટરર્સ, એચ.ટી. અને એલ.ટી.ના વીજળીના સાધનોનો મરામત – નિભાવ ઇરેક્શન તથા સંચાલનનો ઓછામાં ઓછો ૦૫ વર્ષનો અનુભવ. |
| | પગારધોરણ | હાલ ફીક્સ વેતન ₹ ૧૯૯૫૦/- ત્રણ વર્ષ સુધી ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ લેવલ ૪ – પે મેટ્રીક્સ ₹ ૨૫૫૦૦ – ૮૧૧૦૦ + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |

**-: ઉપરોક્ત જગ્યા માટે અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સૂચનાઓ :-**

૧. સદરહુ જગ્યા માટે અરજી કરવા માટે ઉમેદવારે આ સાથે સામેલ નિયતફોર્મમાં જરૂરી વિગતો સ્વહસ્તાક્ષરમાં ભરી નિયત સમયમર્યાદામાં ખાતા મારફતે મોકલવાનું રહેશે.

૨. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા.૨૦/૦૯/૨૦૧૮ અનુસાર બિન અનામત વર્ગના ઉમેદવારોએ અરજીદીઠ ₹૧૦૦/- (અંકે રૂપિયા સો પૂરા) ઓનલાઈન અરજી કરતાં સમયે ચૂકવવાના રહેશે.

૩. ઉમેદવારે અરજીફોર્મ સાથે શૈક્ષણિક લાયકાત (માર્કશીટ, ડીગ્રી તથા એટેમ્પ્ટ સર્ટી.), અનુભવ તથા ઉંમર અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલો તથા છેલ્લા માસની પગારસ્લીપની નકલ સામેલ કરવાની રહેશે અને અ.મ્યુ.કો. દ્વારા માંગેથી અસલ પ્રમાણપત્રો તથા બઢતીના વખતો-વખતના ઠરાવ ઉમેદવારે રજુ કરવાના રહેશે.

૪. અરજીફોર્મમાં દર્શાવેલ વિગતોમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી.

૫. અધૂરી વિગતોવાળી, નિયતફોર્મમાં ન હોય તેવી, અધૂરા પ્રમાણપત્રોવાળી, છેલ્લી તારીખ બાદ મળેલ અરજીફોર્મ કે પ્રમાણપત્રોવાળી અરજીઓ અમાન્ય ગણાશે.

૬. લાયકાત અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૭. પરિપત્રમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સહીત ખાતાના ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથા ખાતાના અધિકારીશ્રીની સહી સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૮. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૯. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ અનુ. જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વર્ગ જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૧૦. મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.

૧૧. ઉમેદવારે નિયત ફોર્મમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે, તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૧૨. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૪. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૫. આપેલ પરિપત્ર કોઇપણ કારણોસર રદ્દ કરવાનો કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૧૬. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in ઉપર જોતા રહેવા વિનંતી છે.

૧૭. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યું માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૧૮. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ગ – ૩ અને વર્ગ – ૪ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ પગારના સહાયક અજમાયશી તરીકે કરવાનો અમલ રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ / ૨૦૦૨ / ૫૭ / ઝ.૧ તા.૧૬/૦૨/૨૦૦૬ની યોજનાની જોગવાઇઓને ધ્યાને લઇ સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૩૧૮ તા.૦૯/૦૬/૨૦૦૬ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૨૧૩ તા.૨૩/૦૬/૨૦૦૬, સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૧૨૬૫ તા.૦૭/૧૦/૨૦૧૧ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૧૭૬૧ તા.૨૫/૧૧/૨૦૧૧ અને સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૨૮૬ તા.૦૮/૦૬/૨૦૧૭ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૩૧૬ તા.૨૮/૦૬/૨૦૧૭ થી મળેલ મંજૂરી મુજબ સુધારેલ નવી હયાત ફીક્સ પગારની નિતિ મુજબ પસંદગીથી નિમણુંક પામેલ ઉમેદવારોને જરૂરી શરતો અને બોલીઓ યથાવત રહેશે તથા સરકારશ્રીના વખતો-વખત થતા ફેરફારને આધિન રહેશે.

નોંધ: લાઇટ તથા વોટર ઓપરેશન(E&M) વિભાગના અધિકારીશ્રીએ આ પરીપત્રની જાણ ફરજ બજાવતાં કર્મચારીઓને થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અને સદર પરિપત્રની નોંધ દરેક સંબધિત ઉમેદવારને અચુકથી લેવડાવવા વિનંતી છે.

સહી/-

મ્યુનિસિપલ કમિશનર

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ, ઇન્ટરવ્યુ વિભાગ**

**પરિપત્ર ક્રમાંક : ........./૨૦૧૮ – ૧૯ તા.૧૫/૧૨/૨૦૧૮**

**જગ્યાનું નામ: –અરજી પત્રક**

ઉમેદવારનું નામ : ..........................................................................................................

એમ્પ્લોઇ નંબર: ........................... નિમણૂંક તારીખ : ........................................

મોબાઇલ નંબર : ....................................... જન્મ તારીખ : ....................................

જાતિ : (બિનઅનામત, સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ) ........................................

સરનામું :..............................................................................................................

..............................................................................................................

ઉમેદવારનો તાજેતરનો ફોટોગ્રાફ અહીં લગાવવો.

શૈક્ષણિક લાયકાત:

| મેળવેલ લાયકાત | યુનિ. | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા | ગ્રેડ | પ્રયત્ન |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

અનુભવ : (નોકરી કરી હોય તેની વિગત)

| અનુ. | **સંસ્થાનું નામ / વિભાગ** | હોદ્દો | કઇ તારીખથી કઇ તારીખ સુધી | કુલ સમયગાળો વર્ષ - | માસ - | દિવસ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| કુલ | | | | | | |

**તારીખ :** .............................

**ઉમેદવારની સહી**

**બિડાણ :**

૧.................................................................... ૨....................................................................

૩.................................................................... ૪....................................................................

૫.................................................................... ૬....................................................................

૭.................................................................... ૮....................................................................

**નોંધ : બિડાણમાં દર્શાવેલ દરેક પુરાવાની નકલ સ્વપ્રમાણિત (Self Attested) કરવાના તથા ચાલુ માસ ની પગાર સ્લીપ મુકવાની રહેશે.**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

**ઓફિસ કોપી**

અરજી ક્રમાંક:................ તા. ...../........./૨૦૧૮

ઉમેદવારનુ નામ: ..........................................................................................................................

એમ્પ્લોઇ નં. ................ મોબાઇલ નંબર ............................................

ખાતાકીય પરિપત્ર ક્રમાંક: ....../૨૦૧૮-૧૯થી .......................................ની જગ્યા માટે સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા:૨૦/૦૯/૧૮ મુજબ અરજી ફી પેટે ₹૧૦૦ (અંકે રૂપિયા સો પૂરા) આજ રોજ રોકડા મળેલ છે.

નાણાં લેનારની સહી તથા હોદ્દો

એમ્પ્લોઈ નં. ....................

..........................................................................................................................................

**ઉમેદવારની કોપી**

અરજી ક્રમાંક:................ તા. ...../........./૨૦૧૮

ઉમેદવારનુ નામ: ..........................................................................................................................

એમ્પ્લોઇ નં. ................ મોબાઇલ નંબર ............................................

ખાતાકીય પરિપત્ર ક્રમાંક: ....../૨૦૧૮-૧૯થી .......................................ની જગ્યા માટે સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૭૦ તા:૨૦/૦૯/૧૮ મુજબ અરજી ફી પેટે ₹૧૦૦ (અંકે રૂપિયા સો પૂરા) આજ રોજ રોકડા મળેલ છે.

નાણાં લેનારની સહી તથા હોદ્દો

એમ્પ્લોઈ નં. ....................